## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**લો આ જુલાબની ગોળી... આખો દિવસ સમય પણ પસાર થઈ જશે... અને વારંવાર હાથ ધોવાનું પણ આવી જશે...**

# ગાંધીનગર ડેપોમાં મુસાફરોની સંખ્યામાં ૫૦ ટકાનો ઘટાડો

**આડા દિવસોમાં પ્રતિદિન ૮૦૦ ટ્રીપોનુ સંચાલન થાય છે જયારે અંદાજિત ૪૫ હજાર મુસાફરો બસ સેવાનો લાભ લે છે : જયારે હાલ કોરોના ઇફેક્ટના લીધે મુસાફરોની સંખ્યા ઘટીને ૨૫ હજાર થઇ છે : વિદ્યાર્થીઓને અનુલક્ષી કેટલીક ટ્રીપો બંધ કરી દેવામાં આવી છે : રવિવારે રાજયમાં એસ ટી બસ સેવા બંધ રહેશે : ઓનલાઇન બુકીંગ સંદર્ભે મુસાફરોને સો ટકા રીફંડ મળશે**

ગાંધીનગરમાં કોરોના ઈફેક્ટના લીધે વાહન વ્યવ્હાર સેવા પણ અત્યંત પ્રભાવિત છે. આમ નાગરિકો જાગૃતિ દાખવી ઘરની




બહાર નિકળવાનુ ટાળી રહ્યા છે જેના લીધે શેહરના એસ ટી ડેપોમાં પણ મુસાફરોની અવરજવરમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે. ગાંધીનગર ડેપોમાં વિદ્યાર્થીઓ માટેની ટ્રીપ રદ કરી દેવામાં આવી છે. જયારે હાલ શહેરી બસ સેવા સહીત અંદાજિત ૮૦૦ જેટલી ટ્રીપોનુ સંચાલન કરવામાં આવી રહ્યુ છે. જેના અંતે આડા દિવસોમાં ગાંધીનગરના ડેપોના માધ્યમથી પ્રતિદિન અંદાજિત ૪૫ હજાર જેટલા મુસાફરોની અવરજવર રહે છે. પંરતુ કોરોના ઈફેક્ટના લીધે છેલ્લા કેટલાક દિવસોથી મુસાફરોની સંખ્યામાં રાજબરોજ ઘટાડો થઈ રહ્યો છે.હાલ એસ ટી માં મુસાફરી કરતા મુસાફરોની સંખ્યામાં ૫૦ ટકા ઘટાડો થયો છે. રોજ અંદાજિત ૨૫ હજાર જેટલા મુસાફરો જ સલામત સવારીની મુસાફરી કરે છે. ગાંધીનગર ડેપોના આધારે શહેરી બસ સેવા તેમજ બહારગામના રૂટની બસો પણ દોડવામાં આવી રહી છે. પરંતુ હાલ કોરોના ઈફેકટના લીધે બસોમાં કોઈ ખાસ ટ્રાફિક જોવા મળતો નથી. મોટાભાગની બસો અડધો અડધ ખાલી દોડતી હોવાનુ નજરે પડે છે. આગામી તા ૨૨ માર્ચના રોજ જનતા કરફયુના અમલના ભાગરૂપે બસ સેવા પણ સદંતર બંધ રાખવામાં આવશે.ગુજરાત રાજય વાહન વ્યવ્હાર નિગમે ભારત સરકારના સમર્થનમાં ૨૨ માર્ચના રોજ રાજયમાં એસ ટી બસ સેવા બંધ રહેશે. સવારે ૭ થી રાત્રિના ૯ વાગ્યા સુધી બસો બંધ રાખવા નિર્ણય લેવાયો છે. જયારે ઓનલાઈન ટીકીટ બુકીંગ કરાવી હોય તેવા મુસાફરોને સો ટકા રીફંડ આપવામાં આવશે. તેમ પણ નિગમે જણાંવ્યુ છે. ગાંધીનગર એસ ટી ડેપોમાં આડા દિવસોમાં રોજબરોજ અંદાજિત ૪૫ હજાર જેટલા મુસાફરો બસ સેવાનો લાભ લેતા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જયારે કોરોના ઈફેકટના લીધે આ સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર કોમ્પ્યુટર એસો. દ્વારા કોરોના મહામારીને પગલે એસો.ના દરેક સભ્યોને માસ્ક અને સેનેટાઈઝરનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.
- આજે જનતા કરફયુનો લોકોએ ભારે સમર્થન કર્યુ છે.
- જિલ્લાની કચેરીઓમાં આવતા મુલાકાતીઓની સંખ્યામાં જોરદાર ઘટાડો થવા પામ્યો છે.
- ગાંધીનગર શહેરમાં આજે પાનના લારી ગલ્લાઓ બંધ કરાવામાં આવતાં કર્મચારીઓ તેમજ અન્ય લોકો ચા-પાન-મસાલાને લઈ ગુસ્સો વ્યક્ત કરતા જણાયા હતા.
- ગાંધીનગર જિલ્લામાં આજે જાહેરમાં થુંકી અને ગંદકી ફેલાવનારાઓ પાસેથી રૂ. બે હજારનો દંડ વસુલવામાં આવ્યો હતો. આ ઉપરાંત જાહેરમાં છીંક કે ઉધરસ ખાવા માટે રૂ. ૫૦૦નો દંડ વસુલવામાં આવેલ છે.

## વાત-વાતમાં.....

- કોરોનાને પગલે શાળા-કોલેજો તો બંધ હતી અને લગભગ તમામ પ્રકારની પરીક્ષાઓ પણ મોકુફ રહી છે. તે સાથે જનતા કરફ્યુને પગલે હવે વેપાર-ધંધા-નોકરીમાં પણ રજાનો માહોલ છવાયો છે. આ સ્થિતિમાં શહેરના ઘણા પરિવારોએ 'ગામડે' જતાં રહેવાનો વિકલ્પ અપનાવ્યો છે. કેમકે શહેર કરતા ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાની અસર ખૂબ ઓછી જોવા મળી રહી છે.
- કોરોનાને પગલે વહીવટીતંત્ર દ્વારા શહેરમાં તમામ પાન-મસાલાના ગલ્લા-દુકાનો બંધ કરાવી દેવાઈ છે જેના કારણે તમાકુના વ્યસનીઓની હાલત આકરી થઈ પડી છે. શહેરના કેટલાક પાન-મસાલા-તમાકુ-ગુટકાના બંધાણીઓએ પોતાના ઓળખીતા નિયમિત ગલ્લાવાળાઓ પાસેથી સપ્તાહ સુધી ચાલે તેટલો સ્ટોક એડવાન્સમાં ખરીદી લેવાની સ્ટ્રેટેજી અપનાવી છે.
- શહેરમાં પાન-મસાલાના ગલ્લા સાથે ચાની લારીઓ પણ બંધ કરાવી દેવાઈ હતી. શનિવારે ચાલુ દિવસ હોવાથી સરકારી કર્મચારીઓથી માંડીને અનેક નાગરિકો ''ચા'' વગર અટવાઈ પડ્યાં હતા.

## ગાંધીનગર જિલ્લાના મહેસુલી વિસ્તારમાં સાર્વજનિક જગ્યાએ કચરો કે ગંદવાડ નાખશો તથા થુંકશો, તો શિક્ષાને પાત્ર બનશો

ગાંધીનગર જિલ્લાના મહેસુલી વિસ્તારમાં કોઇ વ્યક્તિએ કોઇ રસ્તા, સાર્વજનિક જગ્યા અથવા આવવા જવાની સાર્વજનિક જગ્યામાં અથવા તેની નજીદીકમાં થુંકવા અથવા કોઇ પણ પ્રકારનો કચરો ફેંકવા અથવા ગંદવાડ ફેંકવા પર જાહેરનામું બહાર પાડીને પ્રતિબંધ ફરમાવ્યો છે. આ જાહેરનામાં અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી એચ.એમ.જાડેજાએ છે કે, ધી ગુજરાત એપેડેમીક ડીસીઝીસ, COVID-19 (કોરોના વાયરસ) રેગ્યુલેશન- ૨૦૨૦ બહાર પાડવામાં આવ્યું છે. કોરોના વાયરસનો ચેપ સામાન્ય રીતે ડ્રોપ લેટ ઈન્ફેકશન એટલે કે સક્રમિત વ્યક્તિના કે વસ્તુના સંપર્કમાં આવવાથી લાગતો હોય છે. તેમજ સંક્રમિત વ્યક્તિના જાહેરમાં થુંકવાના કારણે ફેલાવો થવાની શક્યતા રહેલી છે. જેથી જાહેરહિતને ધ્યાને લઇ ગાંધીનગર જિલ્લા મહેસુલી વિસ્તારમાં સ્વચ્છતા રાખવા તથા કોઇ વ્યક્તિએ કોઇ રસ્તા, સાર્વજનિક જગ્યા અથવા આવવા જવાની સાર્વજનિક જગ્યામાં અથવા તેની નજીકમાં થુંકવા અથવા કંઇ પણ કચરો ફેંકવા અથવા ગંદવાડ ફેંકવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

## જનતા કર્ફ્યુમાં જોડાવા માટે ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા અપીલ

ગાંધીનગર,તા.૨૧

કોરોના વાયરસને પગલે તકેદારીના ભાગરુપે ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા તા. ૨૨ માર્ચને રવિવારના રોજ સવારે ૭ થી રાત્રીના ૯ કલાક દરમિયાન ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ સંલગ્ન વસાહત મંડળો અને નગરજનોને જનતા કર્ફ્યુમાં સ્વયંભુ વેપાર-ધંધા બંધ રાખીને સહકાર આપવા માટે વસાહત મહાસંઘ દ્વારા અનુરોધ કરાયો છે.

# પ્રજામાં ભયનો માહોલ ફેલાય તેવા વિડીયોઝ ઓડિયોઝ ફોરવર્ડ કરવાનું બંધ કરો..!!!

**વહીવટીતંત્રએ અફવા ફેલાય તેવા વાઈરલ થતા મેસેજીસ કરનારા નેટીજન્સ સામે કડક પગલાં ભરવા પડશે**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરમાં હવે કોરોનાનો પોઝીટીવ કેસ આવી જતા નાગરિકોમાં ચિંતાનો માહોલ સર્જાવા પામ્યો છે જ્યારે બીજી તરફ વડાપ્રધાનથી માંડીને મુખ્યમંત્રી અને મેયર સુદ્ધાં દ્વારા આ સ્થિતિમાં ડરવાને બદલે સાવચેત રહી અફવાઓથી દૂર રહેવા સલાહ આપવામાં આવી રહી છે. જો કે આ સ્થિતિમાં સોશ્યલ મિડીયા પર કેટલાક એવા વિડીયોઝ અને ઓડિયોઝ વાઈરલ થઈ રહ્યાં છે જેને કારણે જાહેર જનતામાં ભયનો માહોલ પેદા થઈ રહ્યો છે અને નાગરિકો દ્વારા જીવનજરૂરી ચીજ-વસ્તુઓનો સંગ્રહ કરવા ધસારાથી માંડીને ડરના માર્યા તણાવની સ્થિતિમાં આવી જવા સુધીના વર્તન થઈ રહેલા જોવા મળી રહ્યાં છે.

જેમ જેમ કોરોના વાઈરસના કેસોમાં વધારો થઈ રહ્યો છે તેમ તેમ સોશ્યલ મિડીયા પર પણ ઈટાલીની જેમ ત્રીજા તબક્કામાં ભારતમાં કોરોનાનો કહેર અનેક ગણો વધી જશે, ફલાણા-ઢીંકણા વિજ્ઞાનીએ કે તબીબે અથવા મહારાજે ભવિષ્યવાણી કરી હતી કે હાહાકાર મચી જશે જેવા વિડીયોઝ તથા કોઈની ઓડિયો વાતચીતનું કોલ રેકોર્ડિંગ જેમાં વિશ્વ આરોગ્ય સંસ્થાની મહિલા

**સમયસર**

હોદ્દેદાર દ્વારા ભારતમાં મહિનાઓ સુધી લોકડાઉન સ્થિતિ કરવી પડશે તેવી ચેતવણી આપવાની વાતો સહિતના ઓડિયોઝ અનેક સાચી ખોટી તસવીરો સહિતની નાગરિકોમાં ડર અને ફફડાટ ઉભો થાય તેવી પોસ્ટ વાઈરલ થતી જોવા મળી રહી છે. આ ડરને કારણે નાગરિકો ચિંતાગ્રસ્ત બની ભયનો માહોલ ખડો કરે તો વહીવટીતંત્ર માટે સંભાળવુ મુશ્કેલ બની શકે છે. સરકારીતંત્રએ સત્વરે આ પ્રકારના બિનઅધિકૃત સંદેશા વાઈરલ કરનાર સામે તપાસ કરી કડક પગલાં ભરવા સાથે પ્રજામાં સાચો સંદેશ જાય તે માટે વધુ કાર્યરત બનવું પડશે. ના કરે નારાયણને જો જનતા કરફ્યુ દરમ્યાનના સમયગાળામાં પણ જો કોરોના વાઈરસના પોઝિટીવ કેસોમાં મોટો ઉછાળો આવશે તો નાગરિકોમાં ડર સાથે અફરાતફરીનો માહોલ સર્જાઈ શકે છે. આ સમયે દરેક નાગરિકે પોતાની સમજદારીનો ઉપયોગ કરીને સમાજમાં ભય ફેલાય અને આફતની સ્થિતિ સર્જાય તેવા સંદેશા વાઈરલ કરવાથી બચવું પડશે અને એકબીજાની હિંમત વધે અને આરોગ્ય વિભાગના નિર્દેશોનું યોગ્ય પાલન કરવાનુ પ્રોત્સાહન મળે તેવા પ્રયાસો કરવા પડશે, નહીતર આપણે હાથે કરીને આપણા પગ પર કુહાડો મારવા જેવી સ્થિતિ પેદા કરવાના જવાબદાર બનીશુ.



રોગ પ્રતિકારક શક્તિ વધારતા ઉકાળાનુ વિતરણ ઘણા સ્થળોએ ચાલી રહ્યું છે. ગાંધીનગર એસટી ડેપો ખાતે ડ્રાઈવર-કંડકટરોને આ ઉકાળો પીવડાવવામાં આવ્યો હતો.

# આરટીઓ કચેરી ખાતે ૫૬ લાખની ટેક્ષ ચોરી : બો'ની અટકાયત

ગાંધીનગર, તા.૨૧

રાજયની મોડલ અને સૌ પ્રથમ પેપરલેસ પાટનગરની આરટીઓ કચેરી ખાતે ૨૦ વાહનોના ૫૬ લાખથી વધુ ટેકસ ચોરીનું કૌંભાડ સામે આવ્યું છે. સેકટર-૭ પોલીસે આ ટેકસ ચોરી કૌંભાડમાં ૨ વ્યકિતની ધરપકડ કરી છે.ઓડીટમાં ઘટ આવતા આરટીઓ દ્વારા સેકટર-૭ પોલીસ મથકે અરજી કરાઈ હતી. જેથી પોલીસે તપાસનો ધમધમાટ શરુ કર્યો હતો. સેકટર-૭ પીઆઈ જે.એચ.સિંઘવ, આઈ.એમ.હુદડ, અને એલસીબી પીઆઈ વી.કે.રાઠોડ દ્વારા સમગ્ર કૌંભાડ પકડી પાડવામાં આવ્યું હતું.જેમાં આરટીઓ કચેરીના યુઝરનેમ, પાસવર્ડ, મેળવીને ટેકસના બેકલોગમાં બોગસ એન્ટ્રી પાડીને કૌંભાડ કરનાર ટેકનીકલ પ્રોગામર અને એજન્ટની ધરપકડ કરવામાં આવી છે.આરોપીઓએ વર્ષ ૨૦૧૮-૧૯ માં ૨૦ મોંઘીદાટ ગાડીઓને પહેલા સરકારી બતાવી ટેક્ષની રાહત મેળવી લીધી હતી. ત્યારબાદ વાહન માલિકોના નામે પ્રાઈવેટ પાર્સિંગ કરાવીને ટેક્ષની ચોરી કરી હતી.

મળતી માહિતી મુજબ આરટીઓ હેડ કલાર્ક કે.ડી.દેસાઈએ ફરીયાદી બનીને આ બનાવમાં ફરીયાદ નોંધાવ્યા મુજબ એપ્રિલ-૨૦૧૯માં ઓડીટ દરમિયાન ૫૬,૨૫,૫૯૪ લાખથી વધુના ટેકસ અંગે તફાવત આવતો હતો. જેને પગલે કચેરી દ્વારા આંતરીક રીતે તપાસ કરતા ૨૦ વાહનોના રજિસ્ટ્રેશન સમયના કાગળો મળ્યા ન હતા.જેથી કચેરી દ્વારા તમામ વાહનો માલિકોને બાકી નીકળતો ટેક્ષ ભરવા માટે નોટીસ પાઠવી હતી. જેમાં ત્રણ વાહન માલિકોએ ટેક્ષ ભર્યાની રસિદ રજુ કરી હતી. જો કે આરટીઓ કચેરીમાં ચેચીસ નંબર તેમજ એન્જિન નંબરના આધારે સોફટવેરમાં તપાસ કરતા રસિદ ખોટી હોવાનું સામે આવ્યું હતું. તો બીજીતરફ ૧૭ વાહનચાલકોએ કોઈ જવાબ આપ્યો ન હતો. જેથી આરટીઓ દ્વારા ૧૭ વાહનોનું રજીસ્ટ્રેશન કેન્સલ કરી દેવાયું હતું. આ કેસમાં અરજીના આધારે તપાસ કરતા પોલીસે ટેકનીકલ પ્રોગામર મેહુલ ભાનુપ્રસાદ રાવલ ( રહે. ડી.૧૦૧, પ્રમુખ લોટ્સ સરગાસણ)તેમજ એજન્ટસાદીકહુસેન ઉર્ફે ઈલીયાસ ઈબ્રાહીમ મલેક (આમીરવિલા પાનસર રોડ કલોલ)ની ધરપકડ કરી હતી. બંન્ને વ્યકિત સામે સરકારી નાણાની ઉચાપતનો ગુનો નોંધાયો છે. ફરીયાદમાં દાવો કરાયો છે કે આરટીઓમાં જીસ્વાનની કનેકટીવીટી છે જેમાં દરેક કોમ્પ્યુટરમાં આઈપી એડ્રેસ સરખુ હોય છે. જયારે ૨૦ વાહનના રજીસ્ટ્રેશન સમયે કેટલીક એન્ટ્રીઓ પ્રાઈવેટ આઈપી એડ્રેસ દ્વારા કરવામાં આવી હતી.

જેથી કચેરીના યુઝરનેમ પાસવર્ડનો ઉપયોગ કરીને બગલોગ એન્ટ્રી, એન્ટ્રી ઈન્સ્પેકશન, વેરીફાય એપ્રુવલ, ફી ટેકસ એન્ટ્રીનું રીવર્ટ બેક, ન્યું રજીસ્ટ્રેશન એપ્લાય જેવી કરામતો કરી છે. જેમાં અમુકમાં રજીસ્ટ્રેશન પહેલાની રસિદ તો કેટલાકમાં કેશીયરની જાણ બહાર રસિદ મેળવી લીધી છે. ટેકનીકલ લેવલ અંગે તપાસ કરતા યુઝરનેમ પર જે કામગીરી થઈ હતી તેમા ઓટીપીમાં એક મોબાઈલ નંબર હતો. જે મેહુલ રાવલનો હતો, તો બીજી ખાનગી આઈપી એડ્રેસમાં ઓટીપીમાં આરટીઓ એજન્ટ તરીકે કામ કરતા સાદીક મલેકનો મોબાઈલ નંબર આવ્યો હતો. પોલીસે બંનેની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## પેથાપુર પાસેથી કારમાંથી વિદેશી દારુનો જથ્થો ઝડપાયો

પેથાપુર પોલીસ મથકનો સ્ટાફના જવાનો પેટ્રોલીંગમા હતા તે સમયે કોન્સ્ટેબલ જયપાલસિંહ અને ધિરેન્દ્રસિંહને દારુ અંગે બાતમી મળી હતી.

પોલીસે વોચ ગોઠવી પેથાપુર પાસેથી જી.જે.૦૧. એચ.કે.-૫૪૫૪ નંબરની હોન્ડા સીટી કાર આવી હતી. પોલીસે કાર ચાલકને કાર રોકવા માટે ઈશારો કર્યો હતો. જેથી કાર ચાલકે કાર દોડાવી મુકી હતી. જેથી પોલીસે તેનો પીછો કર્યો હતો તે સમયે બુટલેગરની કારનુ ટાયર ફાટતા બુટલેગર કાર ભીમનાથ મહાદેવ ચરેડી માર્ગ નજીક કાર મુકીને આરોપી અંધારાનો લાભ લઈ ભાગી છુટવામાં સફળ રહ્યો હતો.

## વોટ્સએપ મારફતે વરલી મટકાનો જુગાર રમાડતા ત્રણની અટકાયત

ગાંધીનગર,તા.૨૧

ગાંધીનગર એલસીબી પોલીસે પુન્દ્રાસણ પાસેથી ચાલુ કારમાં વોટ્સએપ મારફતે વરલી મટકાનો જુગાર રમાડતા ત્રણ ઈસમોને દબોચી લીધા છે. પોલીસે ૩.૧૧ લાખના મુદ્દામાલ સાથે ત્રણેય ઈસમોને પકડી પાડીને કુલ ૫ શખ્સો સામે પેથાપુર પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

પોલીસે જી.જે.૧૮.બી.જે.-૫૧૩૬ ગાડીમાંથી પોલીસે કલોલના ત્રણ ઈસમોને પકડી પાડ્યા હતા. જેમાં મુકેશ મંગા રાવળ (૪૨ વર્ષ બનાસનગર), અશોકજી બળદેવજી ઠાકોર (૪૯ વર્ષ કૈલાશનગર)અને શિવમ વિજય રાવળ (૨૨ વર્ષ બનાસનગર)નો સમાવેશ થાય છે. આ શખ્સો ચાલુ કારે વરલી મટકાનો જુગાર વોટ્સએપ દ્વારા રમાડતા હતા. પોલીસે ૨૮૩૦ રોકડા, ૪ મોબાઈળ અને ૩ લાખની કાર મળી કુલ ૩,૧૧,૮૩૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આરોપી શિવમે પોતાના શેઠ રાજુગીરી જયંતિગીરી ગોસ્વામી (બનાસનગર કલોલ)ના કહેવાથી ગાડીમાં બેસીને વરલીના આંકડા લેતા હોવાનું કહ્યું હતું. આંકડા તેઓ કલોલના મોહસીન નિજામભાઈ મલેક (મટકાકુવા) ને લખાવતા હોવાનો ખુલાસો કર્યો છે.

